**કલમ–૪(૧)(બી) (૧) : સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો**

As per BPMC act, 1949, section 66 (22), the establishment and maintenance or the aiding of libraries, museums and art galleries, botanical or zoological collections and the purchase of construction of building thereto.

SMC runs following Stadium in SMC limit –

1. Pandit Dindayal Upadhyay Indoor Stadium : 01

**કલમ–૪(૧)(બી)(૨) : સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો**

| ક્રમ | કર્મચારીનું નામ | કર્મ. નં. | હોદ્દો | કામગીરીની વિગત |
|---|---|---|---|---|
| ૧ | શ્રી એચ. યુ. જાની | ૧૯૯૧૪ | મેનેજર | સંકુલના સંચાલન તથા નિભાવને લગતી સમગ્ર કામગીરીઓનું નિયંત્રણ |
| ૨. | શ્રી કે. કે. પટેલ | ૩૪૩૨૯ | મેન્ટે. આસી. (ઈલે.) | સંકુલના વિદ્યુત/વિજાણુ/યાંત્રિક ઉપકરણોના સંચાલન, મરામત તથા નિભાવને લગતી સમગ્ર કામગીરીઓનું નિયંત્રણ |
| ૩. | શ્રી એલ. ડબલ્યુ. રાણા | ૧૧૯૪૫ | બીજી શ્રેણી કલાર્ક | સંકુલના મહેકમ અને વહીવટી કામગીરી |
| ૪. | શ્રી બી. એમ. દેસાઈ | ૮૮૬૪૫ | ત્રીજી શ્રેણી કલાર્ક | સંકુલના સંચાલનને લગતી કામગીરીઓ |
| ૫. | શ્રી એ. બી. પટેલ | ૧૭૩૪૨ | વાયરમેન | વિદ્યુત/વિજાણુ/યાંત્રિક ઉપકરણોના સંચાલન, મરામત તથા નિભાવને લગતી સમગ્ર કામગીરી |
| ૬. | શ્રી બી. એસ. દેસાઈ | ૧૭૭૧૯ | વાયરમેન | વિદ્યુત/વિજાણુ/યાંત્રિક ઉપકરણોના સંચાલન, મરામત તથા નિભાવને લગતી સમગ્ર કામગીરી |
| ૭. | શ્રી એન. યુ. ગેમલાવાલા | ૮૨૮૩૫ | એ. સી. પ્લાન્ટ ઓપરેટર | એરકન્ડીશનીંગ ઉપકરણોના સંચાલન, મરામત તથા નિભાવને લગતી સમગ્ર કામગીરી |
| ૮. | શ્રી વી. એ. નગરાડે | ૪૧૬૭૨ | બેલદાર | જે કાંઈ ટેક. કામગીરી સોંપવામાં આવે તે તમામ કામગીરી |
| ૯. | શ્રી ડી. આર. થોરાટ | ૪૧૭૬૨ | બેલદાર | જે કાંઈ ટેક. કામગીરી સોંપવામાં આવે તે તમામ કામગીરી |
| ૧૦. | શ્રી એચ. પી. ઢીમ્મર | ૪૩૬૦૪ | સફાઈ કામદાર | જનસંપર્ક વિભાગમાં ઓન લોન ફરજ |

**સીની. કલાર્ક અને**
**જાહેર માહિતી અધિકારી**

# પ્રકરણ (૫) ઈન્ડોર સ્ટેડિયમના વપરાશ માટેના દરો
## પરિશિષ્ટ–અ

| | | | પરિશિષ્ટ 'અ–૧' | | પરિશિષ્ટ 'અ–૨' | |
|---|---|---|---|---|---|---|
| શો | કાર્યક્રમનો સમય | ડીપોઝીટ ની રકમ રૂ. | આખા ઈન્ડોર સ્ટેડિયમનું ભાડું રૂ. | અરજી પત્રક સાથે ભરવાની રકમ રૂ. | અડધા ઈન્ડોર સ્ટેડિયમનું ભાડું રૂ. | અરજી પત્રક સાથે ભરવાની રકમ રૂ. |
| ૧. | સવારે ૦૮.૦૦ થી બપોરે ૧૨.૦૦ સુધી (૪ કલાક) | **૨,૦૦,૦૦૦** | ૧,૬૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૧,૨૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | **૩,૬૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૩,૨૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | ૮૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૬૦,૦૦૦/ (ફેબ્રુ. થી મે) | **૨,૮૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૨,૬૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) |
| ૨. | બપોરે ૦૨.૦૦ થી સાંજે ૦૬.૦૦ સુધી (૪ કલાક) | **૨,૦૦,૦૦૦** | ૨,૦૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૧,૫૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | **૪,૦૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૩,૫૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | ૧,૦૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૭૫,૦૦૦/ (ફેબ્રુ. થી મે) | **૩,૦૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૨,૭૫,૦૦૦ (ફેબ્રુ. થી મે) |
| ૩. | રાત્રે ૮૦૦ થી રાત્રે ૧૨.૦૦ સુધી (૪ કલાક) | **૨,૦૦,૦૦૦** | ૨,૪૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૧,૮૦,૦૦૦/– (ફેબ્રુ. થી મે) | **૪,૪૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૩,૮૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | ૧,૨૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૯૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | **૩,૨૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૨,૯૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) |
| ૪. | સવારે ૧૦.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી (૧૨ કલાક) | **૨,૫૦,૦૦૦** | ૩,૬૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૨,૭૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | **૬,૧૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૫,૨૦,૦૦૦ (ફેબ્રુ. થી મે) | ૧,૮૦,૦૦૦ (જુનથી જાન્યુ.) ૧,૩૫,૦૦૦ (ફેબ્રુ. થી મે) | **૪,૩૦,૦૦૦** (જુનથી જાન્યુ.) ૩,૮૫,૦૦૦ (ફેબ્રુ. થી મે) |

## <u>પરિશિષ્ટ 'બ'</u>

| ક્રમ | કાર્યક્રમનો પ્રકાર | સમય મર્યાદા | પરિશિષ્ટ'અ–૧'માં દર્શાવેલ આખા ઈન્ડોર સ્ટેડિયમના ભાડાના દર (પરિશિષ્ટ'બ–૧') | પરિશિષ્ટ'અ–૨'માં દર્શાવેલ અડધા ઈન્ડોર સ્ટેડિયમના ભાડાના દર (પરિશિષ્ટ'બ–૨') |
|---|---|---|---|---|
| ૧. | ઈનડોર ગેઈમ્સ સહીત રમત ગમતની સ્પર્ધાઓ, ટુર્નામેન્ટ, ચેમ્પીયનશીપ વિ. માટે | શો–૧,૨,૩,૪ | **૧૦%** | **૧૦%** |
| ૨. | શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા આયોજીત શૈક્ષણિક પ્રવૃતિને લગતા કાર્યક્રમો માટે | શો–૧,૨,૩,૪ | **૫૦%** | **૫૦%** |
| ૩. | સ્વૈચ્છિક / સેવાભાવી / સામાજીક સંસ્થાઓ / સંગઠનો / મંડળો વિ. ધ્વારા આયોજીત સામાજીક, સાંસ્કૃતિક તથા ધાર્મિક કાર્યક્રમો અને પ્રાર્થના સભા, શ્રધ્ધાંજલિ કાર્યક્રમ વિ. માટે | શો–૧,૨,૩,૪ | **૭૫%** | **૭૫%** |
| ૪. | વ્યાવસાયિક ધોરણે યોજવામાં આવતા અન્ય તમામ કાર્યક્રમો જેમ કે, ફિલ્મી ગીત–સંગીત, ઓરકેસ્ટ્રા, નાટક, રાસ–ગરબા, ગઝલ, કવ્વાલી, ફેશન શો, મેજીક શો, બીઝનેશ મીટીંગ/ સેમીનાર, પરિસંવાદ, પ્રવચનો, સભાઓ, વ્યાખ્યાનો, પ્રદર્શન અને વેચાણ વિ માટે. | શો–૧,૨,૩,૪ | **૧૦૦%** | **૧૦૦%** |

૧. ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખવામાં આવ્યુ હોય તે સમય દરમ્યાન એરકન્ડિશન યુનિટ તથા અન્ય વિદ્યુત ઉપકરણોમાં વપરાતા વિજળી ખર્ચનો ઉપરોકત ભાડાની રકમમાં સમાવેશ થતો નથી. તે સઘળા વપરાયેલ વિજ યુનિટ વિજ પુરવઠો પૂરો પાડતી એજન્સીના પ્રવર્તમાન દરોના આધારે આકારીને આયોજકે જમા કરાવેલ ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે.

૨. કાર્યક્રમ પૂર્ણ થયેથી આયોજક ધ્વારા અરજી પત્રક સાથે જમા કરાવેલ કુલ રકમમાંથી ભાડાની રકમ, વિજળી ખર્ચ, જે તે સમયે કેન્દ્ર/ રાજય સરકારશ્રી ધ્વારા લાગુ કરવામાં આવેલ હોય તેવા તમામ કરવેરા, જો કોઈ નુકશાન થયેલ હોય તો તેની મરામત પેટે વસુલ લેવા પાત્ર થતી રકમ તથા અન્ય વસુલ લેવા પાત્ર રકમ વિગેરે બાદ કરી, બાકીની રકમ આયોજકને પરત કરવામાં આવશે.

૩. આયોજક ધ્વારા અરજીપત્રક સાથે જમા કરાવેલ રકમ કરતા વસુલ લેવા પાત્ર થતી કુલ રકમ વધારે થતી હશે તો તેવા સંજોગોમાં તફાવતની રકમ આયોજક ધ્વારા દિન–ર માં ભરપાઈ કરવાની રહેશે. અન્યથા સુરત મહાનગરપાલિકા તે રકમ આયોજક પાસેથી કાયદેસર રીતે વસુલ લેવા હકકદાર રહેશે.

૪. જે વ્યકિત/ સંસ્થાને આખુ ઈન્ડોર સ્ટેડિયમ વાપરવુ હશે તેને માટે પરિશિષ્ટ 'અ–૧' ના દરો લાગુ પડશે. જયારે ઈન્ડોર સ્ટેડિયમના ફકત ભોંયતળિયે આવેલા વિસ્તારના વપરાશ માટે પરિશિષ્ટ 'અ–ર' ના દરો લાગુ પડશે.

પ. જો કોઈ કિસ્સામાં કોઈ વ્યકિત કે સંસ્થા તરફથી એક સાથે પાંચથી વધુ દિવસનું સતત બુકીંગ મળતું હોય અથવા આખા વર્ષ દરમ્યાન પંદરથી વધુ દિવસોનું બુકીંગ મળતુ હોય તો તેવા કિસ્સામાં ઠરાવેલ ભાડું તથા અન્ય દરો (વીજળી ખર્ચ અને અન્ય કરવેરા સિવાય)માં ગુણાનુદોષના આધારે ફેરફાર કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રી તથા અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને સંયુકત રીતે રહેશે.

૬. ઈન્ડોર સ્ટેડિયમના ભોંયતળીયાનો વિસ્તાર એટલે મુખ્ય એરીના તેમજ વી.આઈ.પી. કક્ષામાં મુકેલ ખુરશીઓ પૂરતો સીમિત ગણાશે અને ઈન્ડોર સ્ટેડિયમના ચેઈન્જ રૂમ ઈત્યાદીની તમામ સગવડો વાપરી શકાશે. પરંતુ, ફોયરની પ૭૧ર ખુરશીઓ કે ફોયરનો ઉપયોગ કરી શકાશે નહીં.

૭. ઈન્ડોર સ્ટેડિયમના માત્ર ભોંયતળિયાવાળા વિસ્તારનું બુકીંગ કરાવનાર વ્યકિત કે સંસ્થા જો કોઈ કિસ્સામાં આખા ઈન્ડોર સ્ટેડિયમનો વપરાશ કરવા માંગતા હોય તો તેવા કિસ્સામાં અન્યત્ર જોગવાઈ ન હોય તો તે વ્યકિત કે સંસ્થાને પરિશિષ્ટ 'અ–૧' મુજબ આખા ઈન્ડોર સ્ટેડિયમના ભાડાના દર મુજબ ઈન્ડોર સ્ટેડિયમ ફાળવી આપવામાં આવશે.

૮. ભાડા ઉપરાંત ખરેખર વપરાયેલ વિજળીના યુનિટ દીઠ ચાર્જના પ્રવર્તમાન દર મુજબ વિજળી ખર્ચ વસુલ લેવામાં આવશે.

૯. ઉપરોકત પરિશિષ્ટ – " બ " ના અનુક્રમ નં. ૧ થી ૩ માં દર્શાવેલ કાર્યક્રમો જો વ્યાવસાયિક ધોરણે યોજવામાં આવે તો તેને અનુક્રમ નં. ૪ હેઠળના દરો લાગુ પડશે. વધુમાં, રાહત દરે બુકીંગ કરાવ્યા બાદ જો તે કાર્યક્રમ વ્યાવસાયિક હોવાનું જણાશે તો તેવા કાર્યક્રમો માટે પણ અનુક્રમ નં. ૪ હેઠળના દરો મુજબ ભાડુ વસુલ લેવામાં આવશે.

૧૦. ૧) ઈનડોર સ્ટેડીયમના વપરાશ માટે ઉપરોકત પરિશિષ્ટ (અ) અને પરિશિષ્ટ (બ) માં દર્શાવેલ સમય ખંડ તથા કાર્યક્રમના પ્રકાર અનુસાર ભાડાના દરો શુક્રવાર થી રવિવાર દરમ્યાન આયોજીત કાર્યક્રમો માટે છે.

૨) તે સિવાયના અન્ય દિવસો એટલે કે, સોમવારથી ગુરૂવાર દરમ્યાન આયોજીત કાર્યક્રમો માટે પરિશિષ્ટ (અ) માં દર્શાવેલ સમય ખંડ અને પરિશિષ્ટ (બ) માં દર્શાવેલ કાર્યક્રમના પ્રકાર મુજબ ભાડાની ખરેખર ચૂકવવાપાત્ર થતી રકમના ૭પ %ના દરે ભાડુ વસુલ લેવામાં આવશે.

૧૧. યોગ્ય જણાય તેવા સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમની ટેન્ડર પધ્ધતિથી ફાળવણી કરવા અને જે અન્વયે ભાડાની લઘુત્તમ રકમ, ડીપોઝીટની રકમ તેમજ કાર્યક્રમને અનુરૂપ નીતિ–નિયમો વિગેરે નકકી કરવા માટે મ્યુનિ. કમિશનરશ્રી અધિકૃત રહેશે. ઈન્ડોર સ્ટેડિયમની ટેન્ડર પધ્ધતિથી ફાળવણી કરવાના કામે જો કોઈ તબકકે ટેન્ડરની શરતો અને ઈન્ડોર સ્ટેડિયમના પ્રવર્તમાન નીતિ–નિયમો બાબતે વિસંગતતા ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં ટેન્ડરની શરતોને માન્ય રાખવાની રહેશે. તેમ છતાં, મ્યુનિ. કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

૧૨. સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત કાર્યક્રમો અથવા જે કાર્યક્રમો સાથે સુરત મહાનગરપાલિકા સીધી કે આડકતરી રીતે સંકળાયેલી હોય તેવા તમામ કાર્યક્રમો માટે ઈન્ડોર સ્ટેડિયમ સંપૂર્ણ વિનામૂલ્યે ફાળવવા સારૂ મ્યુનિ. કમિશનરશ્રી અધિકૃત રહેશે.

રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર અને તેઓનાં નિયંત્રણ હેઠળની કચેરી, ખાતા કે વિભાગો દ્વારા સરકારશ્રી આયોજીત કાર્યક્રમોનાં આયોજન હેતુ ઇનડોર સ્ટેડિયમ સંપૂર્ણ વિનામૂલ્યે ફાળવવા મ્યુનિ.કમિશ્નરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ અધિકૃત રહેશે.

(સા.સ.ઠ.નં.૪૫૩/૨૦૧૯, તા.૨૬/૧૧/૨૦૧૯ થી સુધારો)

૧૩ રાજય સરકારશ્રી કે તેના કોઈ ઘટક ધ્વારા આયોજિત ઈન્ડોર ગેઈમ્સ ટુર્નામેન્ટ અન્વયે કોચીંગ કેમ્પ (મર્યાદિત સમય માટે) હેતુ જો ઈન્ડોર સ્ટેડિયમ વિનામુલ્યે ફાળવી આપવાની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં ભાડું, વીજળીખર્ચ તેમજ અન્ય તમામ ખર્ચમાંથી યોગ્યતા મુજબની માફી આપવા માટે મ્યુનિ. કમિશનરશ્રી અધિકૃત રહેશે, જયારે રમત ગમતની સ્પર્ધાઓના આયોજનના કિસ્સામાં ભાડુ તેમજ અન્ય ખર્ચમાં યોગ્યતા મુજબ આંશિક કે સંપૂર્ણ માફી આપવાની સત્તા સ્થાયી સમિતિ હસ્તક રહેશે.

૧૪. ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાતા રમત ગમત સિવાયના અન્ય કાર્યક્રમોના કિસ્સામાં ઉપરોકત પરિશિષ્ટ બ–૧ અને બ–૨ માં દર્શાવેલ નિયત ભાડાના દરોમાં જો સંજોગો અનુસાર રાહત આપવાની માંગણી ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ધ્વારા ભાડાની ખરેખર ચૂકવવાપાત્ર થતી રકમના વધુમાં વધુ ૫૦% સુધીની રાહત આપી શકાશે. જયારે તેનાથી વધુ રાહત આપવા બાબતે નિર્ણય લેવા સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા સક્ષમ રહેશે. વધુમાં જો કોઈ ખાસ કિસ્સામાં ભાડાના દર ઉપરાંત અન્ય કોઈ ખર્ચ વિગેરેમાં રાહત આપવાની માંગણી ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં પણ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા સક્ષમ રહેશે.

(સા.સ.ઠ.નં.૯/૨૦૧૯, તા.૨૮/૦૧/૨૦૧૯ થી સુધારો)

૧૫. પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ સંકુલના ભાડેથી વપરાશ કરવા અંગેના નીતિ નિયમો, ભાડુ તથા ડીપોઝીટની રકમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉથી જાણ કર્યા વિના જરૂર જણાયે કોઈપણ સમયે સુધારા વધારા કરી શકાશે. જે આયોજકને બંધનકર્તા રહેશે.

૧૬. ઉપરોકત પરિશિષ્ટ 'અ' માં દર્શાવેલ ડીપોઝીટની રકમમાં જરૂર જણાયેથી ફેરફાર કરવા માટે મ્યુનિ. કમિશનરશ્રી અધિકૃત રહેશે.

## પ્રકરણ – ૬(૧)
## ઈન્ડોર સ્ટેડિયમ રાજય/ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વિનામુલ્યે ફાળવવા અંગેના નિયમો

.૧. મહાનગરપાલિકા સંચાલિત ઈન્ડોર સ્ટેડિયમ નીચેની સંસ્થાઓ મારફત ભલામણ થઈને આવેલ ખેલાડીઓને વિનામુલ્યે ફાળવવામાં આવશે.

(અ) સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હોય અને ઈન્ડોર ગેઈમનું સંચાલન કરતા હોય તેવા રજીસ્ટર્ડ સ્પોર્ટસ એસોસીએશન તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત.

(બ) સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતી હોય અને ઈન્ડોર ગેઈમનું સંચાલન કરતી સંસ્થાઓ કે જે ચેરીટેબલ ટ્રસ્ટ એકટ હેઠળ અથવા સહકારી રજીસ્ટ્રાર કાયદા હેઠળ અથવા સોસાયટી રજીસ્ટર એકટ હેઠળ કે અન્ય કાયદા હેઠળ સરકારશ્રીમાં નોંધાયેલ હોય તેવી સંસ્થાઓ.

(ક) સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હોય તેવી સરકારી માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ.

(ડ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના કેમ્પસમાં વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ.

(ઈ) સુરત મહાનગરપાલિકાની હદમાં રહેતા હોય અને જેમણે છેલ્લાં ત્રણ વર્ષમાં ઈન્ટર સ્ટેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હોય, તેવા ખેલાડીઓ પણ ઉપર જણાવ્યા મુજબ ઈન્ડોર સ્ટેડિયમનો વિનામુલ્યે ઉપયોગ કરી શકશે.

૨. ઉપરોકત સંસ્થાઓ પૈકી સ્પોર્ટસ એસોસીએશન સંબંધિત રાજય અથવા રાષ્ટ્રીય કક્ષાના એસોસીએશન સાથે એફીલીયેશન ધરાવતા હોવા જોઈએ.

૩. ઉપરોકત દર્શાવેલ (અ) થી (ઈ) સુધીના એસોસીએશનો અથવા સંસ્થાઓ જો તેઓ કોઈ ખેલાડીને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રેકટીસ માટે મોકલવા માંગતા હોય તો તેઓએ ડીપોઝીટ પેટે રૂા.૫,૦૦૦/– તેમજ વાર્ષિક ફી પેટે રૂા.૫,૦૦૦/– પ્રતિ વર્ષ અને અન્ય લાગત કરવેરા વિ. સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

૪. ઉપરોકત સંસ્થાઓએ જેડીપોઝીટ તથા વાર્ષિક ફી ભરવાની છે તે પેટે તેઓ ખેલાડીઓ પાસેથી કોઈ રકમ લઈ શકશે નહીં. એટલે કે, ખેલાડીઓને વિનામુલ્યે ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રેકટીસ માટે મોકલવાના રહેશે.

૫. સંબંધિત એસોસીએશને દર વર્ષે તેમના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી તથા અન્ય હોદ્દેદારોના નામની યાદી સંસ્થાના લેટર પેડ ઉપર ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રજુ કરવાની રહેશે.

૬. ઉપર દર્શાવેલ સંસ્થા/ એસોસીએશન માત્ર એવા ખેલાડીઓની ભલામણ કરી શકશે કે, જેમણે છેલ્લા ત્રણ વર્ષમાં રાજય/ રાષ્ટ્રીય કક્ષાની કોઈ સ્પર્ધામાં ભાગ લીધેલો હોય અથવા અરજીના સમયે થનાર કોઈ આગામી સ્પર્ધામાં ભાગ લેનાર હોય, આ બાબતમાં જરૂરી અધિકૃત પુરાવા સંસ્થા/ એસોસીએશન ધ્વારા રજુ કરવાના રહેશે.

૭. રાજય/ રાષ્ટ્રીય કક્ષાએ રમતા ખેલાડીઓએ તેમની સ્પર્ધાની પ્રેકટીસ કરવા માટે તેમના સંબંધિત સંસ્થા/ એસોસીએશન મારફત અરજી કરવાની રહેશે.

૮. સંબંધિત સંસ્થા/ એસોસીએશન ધ્વારા પોતાના ખેલાડીઓને ઓળખપત્ર આપવાના રહેશે.

૯. સંબંધિત એસોસીએશન/ સંસ્થા ઈન્ડોર સ્ટેડિયમ વિનામુલ્યે વપરાશ કરવા જે ખેલાડીઓની ભલામણ કરે તે ખેલાડીઓના નામ, સરનામા તથા સ્પર્ધામાં ભાગ લીધેલ અથવા લેનાર હોય તેની તમામ વિગત જરૂરી પ્રમાણપત્ર સાથે સંસ્થા/ એસોસીએશન ધ્વારા સુરત મહાનગરપાલિકાને આપવાની રહેશે.

૧૦. સંબંધિત એસોસીએશન જે ખેલાડીઓની ઈન્ડોર સ્ટેડિયમ માટે ભલામણ કરે તે ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમના અલગથી તૈયાર કરેલ નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ તેવા ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમમાં સંપૂર્ણ શિસ્ત જાળવવાની રહેશે. ઈન્ડોર સ્ટેડિયમના સાધનો, ખુરશીઓ, ફીકચર્સ, ફલોરીંગ વિ.ને ઈરાદાપૂર્વક નુકશાન કરનાર ખેલાડીઓને ઈન્ડોર સ્ટેડિયમના વપરાશમાંથી દુર કરવામાં આવશે તેમજ એસોસીએશન કે સંસ્થાએ ભરેલ ડીપોઝીટની રકમમાંથી ઈનડોર સ્ટેડીયમના વિભાગીય વડાશ્રી નકકી કરે તે રકમ વસુલ લેવામાં આવશે. પર્યાપ્ત કારણો જણાયેથી ડીપોઝીટની સઘળી રકમ જપ્ત કરી શકાશે.

૧૧. ઈન્ડોર સ્ટેડિયમના વપરાશ માટે એસોસીએશન કે સંસ્થાની માંગણી આવ્યેથી ઈન્ડોર સ્ટેડિયમના ઈ.ચા. અધિકારીશ્રી નકકી કરે તે મુજબ સમય અને તારીખે (રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) ફાળવવામાં આવશે. જેમાં એસોસીએશન કે સંસ્થા કોઈ પ્રકારની દખલગીરી કરી શકશે નહીં.

૧૨. જે કિસ્સામાં ઈન્ડોર સ્ટેડિયમ સુરત મહાનગરપાલિકાએ અન્ય કાર્યક્રમો માટે બુક કરેલ હશે તેવા સંજોગોમાં તથા કાર્યક્રમની પૂર્વ પ્રાથમિક તૈયારીના દિવસોમાં ખેલાડીઓ ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરી શકશે નહીં.

૧૩. ખેલાડીઓ જયારે ઈન્ડોર સ્ટેડિયમનો પ્રેકટીસ માટે ઉપયોગ કરતા હશે ત્યારે એ.સી.પ્લાન્ટ ચલાવવામાં આવશે નહીં અને માત્ર જરૂરિયાત મુજબની એરેના લાઈટો ચાલુ કરી આપવામાં આવશે.

૧૪. જે એસોસીએશન/ સંસ્થા તેમના ખેલાડીઓને મોકલનાર હોય તેમણે તેઓના કોચને પણ નિયમિત મોકલવાના રહેશે. જે કોચના નામ, સરનામા વિ.સુરત મહાનગરપાલિકાને આપવાના રહેશે. આ કોચને સુરત મહાનગરપાલિકા તરફથી કોઈ મહેનતાણુ ચૂકવવામાં આવશે નહીં.

૧૫. સુરત મહાનગરપાલિકા તરફથી પ્રેકટીસ માટે જે તે સમયે ઉપલબ્ધ હોય તેવા જે કોઈ સાધનો આપવામાં આવે તેનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. જો કોઈ કિસ્સામાં ખેલાડી પોતાના સાધનો લઈને આવે તો તે સાચવવાની જવાબદારી ખેલાડીની રહેશે અને સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૬. જે ખેલાડીઓ વિનામુલ્યે ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરશે તેને માટે નિયત કરેલ વોશરૂમ્સ ફાળવવામાં આવશે અને તેનો જ તેમણે ઉપયોગ કરવાનો રહેશે.

૧૭. જે ખેલાડીઓને ઈન્ડોર સ્ટેડિયમ વિનામુલ્યે ફાળવવામાં આવે તેઓને પ્રારંભિક તબકકે એક વર્ષ માટે પરવાનગી આપવામાં આવશે.

૧૮. જે કોઈ રમતમાં ખેલાડીઓની સંખ્યા વધી જતી હશે તો તેવા સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમના ઈ.ચા. અધિકારીશ્રી સમયની ઉપલબ્ધતાને ધ્યાને લઈ યોગ્ય જણાય તેવી સંસ્થાઓને ખેલાડીઓની સંખ્યા ઉપર નિયંત્રણ રાખવા જણાવી શકશે.

૧૯. ઉપરોકત નિયમોના અર્થઘટનમાં કોઈ વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં ઈનડોર સ્ટેડીયમના વિભાગીય વડાશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને જેનો લાગત સંસ્થા કે એસોસીએશનોએ અમલ કરવાનો રહેશે.

૨૦. ઈન્ડોર સ્ટેડિયમ રાજય/ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વિનામુલ્યે ફાળવવા અંગેના નિયમો, વાર્ષિક ફી તથા ડીપોઝીટની રકમમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉથી જાણ કર્યા વિના જરૂર જણાયે કોઈપણ સમયે સુધારા વધારા કરી શકાશે. જે સંસ્થા/ એસોસીએશનને બંધનકર્તા રહેશે.

## પ્રકરણ – ૬(૨)

## ખેલાડીઓએ રમતની પ્રેકટીસ દરમ્યાન ખાસ ધ્યાનમાં રાખવા જોગ બાબત

૧. રમતની પ્રેકટીસ દરમ્યાન ઈન્ડોર સ્ટેડિયમનો એ.સી.પ્લાન્ટ ચાલુ કરવામાં આવશે નહિ.

૨. ખેલાડીએ પોતાના રમતના સાધનો લઈને રમવા આવવાનું રહેશે તથા રમત પુરી થયા બાદ તે સાધનો પરત લઈ જવાના રહેશે.

૩. ખેલાડીએ રમતને અનુરૂપ ડ્રેસ પહેરીને આવવાનુ રહેશે.

૪. રમતની પ્રેકટીસ દરમ્યાન ખેલાડીઓને ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી તરફથી જે વોશરૂમ્સનો ઉપયોગ કરવા જણાવવામાં આવે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૫. રમત માટેનો જે તે સમય / બેચ નકકી થયો હોય તે સમયે જ ખેલાડીએ પ્રેકટીશ કરવા આવવાનું રહેશે. વધારાના સમયનો આગ્રહ રાખવો નહી.

૬. ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રેકટીશ કરવા આવનાર ખેલાડીએ સંસ્થાનું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે તેમજ ઈન્ડોર સ્ટેડીયમ ઓથોરીટી જયારે પણ માંગે ત્યારે બતાવવાનું રહેશે.

૭. ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમના સેન્ટ્રલ એરીનાવાળો ભાગ ઉપયોગમાં લેવાનો રહેશે.

૮. રમતની પ્રેકટીસ માટે આવતાં ખેલાડી/ કોચ વિગેરેને ઈન્ડોર સ્ટેડિયમના અન્ય ભાગોમાં જવાની મનાઈ છે. જેનો ભંગ થયેથી ઉપસ્થિત થનાર પરિસ્થિતિની સઘળી જવાબદારી જે તે ખેલાડી/ કોચની રહેશે.

૯. જે તે સંસ્થા/ એસોસીએશને પોતાના ખેલાડીઓની સાથે પોતાના કોચને પણ અવશ્ય મોકલવાના રહેશે.

૧૦. ઈન્ડોર સ્ટેડિયમ કે તેના પરિસરમાં કોઈપણ પ્રકારના જવલનશીલ પદાર્થો સાથે લાવવા નહિ.

૧૧. ઈન્ડોર સ્ટેડિયમમાં ખાદ્ય પદાર્થો કે ઠંડા / ગરમ પીણા લાવવા નહિ.

૧૨. ખેલાડીઓએ નિયમિત રીતે રજીસ્ટરમાં એન્ટ્રી કરવાની રહેશે.

૧૩. ખેલાડીઓએ ઈન્ડોર સ્ટેડિયમમાં શાંતી જાળવવી, અપશબ્દો બોલવા નહિ તેમજ વાદ વિવાદ કે અસભ્ય વર્તન કરવું નહિ.

૧૪. પાન મસાલા, ધ્રુમપ્રાન કે અન્ય કેફી પીણાં કે કેફી દ્રવ્યો ઈન્ડોર સ્ટેડિયમમાં લાવવાની મનાઈ છે.

૧૫. દરેક ખેલાડીએ પોતાના કોચ પાસેથી રમત અંગેની પૂરતી સમજ તથા માહિતી મેળવી લીધા બાદ જ રમતની શરુઆત કરવાની રહેશે.

૧૬. રમતના દરેક સાધનોનો સલામતીની દૃષ્ટિએ ચકાસણી કર્યા બાદ જ ઉપયોગ કરવો.

૧૭. ખેલાડીઓ જો કિંમતી ચીજવસ્તુઓ સાથે લાવશે તો તે સાચવવાની જવાબદારી જે તે ખેલાડીની રહેશે. ખેલાડીઓનો કિમર્તી સામાન ચોરાઈ જાય કે ગુમ થાય તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિ.

૧૮. પ્રેકટીસ દરમ્યાન ખેલાડીને કોઈપણ પ્રકારની ઈજા થાય તો તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.

૧૯. ઈન્ડોર સ્ટેડિયમ સુરત મહાનગરપાલિકાના અન્ય કામ માટે અથવા અન્ય કાર્યક્રમ માટે ફાળવવામાં આવ્યું હશે તો તેવા દિવસો દરમ્યાન ખેલાડીઓ પ્રેકટીસ માટે ઈન્ડોર સ્ટેડિયમમાં આવી શકશે નહી. આ માટે વખતો વખત સુચના ઈનડોર સ્ટેડીયમ ઓથોરીટી તરફથી આપવામાં આવશે.

૨૦. ખેલાડીઓને વ્યકિતગત કે ટેલીફોનથી જાણ કરવામાં આવશે નહીં. તેથી ખેલાડીઓએ નિયમિત રીતે ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીના સંપર્કમાં રહેવું.

૨૧. રીપેરીંગ/ મેઈન્ટેનન્સ અથવા અન્ય કારણોસર ઈન્ડોર સ્ટેડિયમમાં રમતની પ્રેકટીસ બંધ રાખવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

૨૨. પોતાની સાથે મહેમાનને લાવવા માંગતા હોય તેવા ખેલાડીએ આ બાબતે ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટીની પરવાનગી મેળવવાની રહેશે.

૨૩. ઉપરોકત નીતિ નિયમોનું દરેક ખેલાડીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેનું ઉલ્લંઘન કરનાર ખેલાડી સામે ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી ધ્વારા કડક કાર્યવાહી કરી, કોઈપણ કારણો જણાવ્યા સિવાય ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રવેશ અટકાવી શકાશે.

**કલમ–૪(૧)(બી) (૬): નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગનું પત્રક**

| કેટેગરી | વિગત |
|---|---|
| A | સંકુલના વહીવટને લગતી નીતિ–વિષયક ફાઈલ વિ. |
| B | ખાતાના કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ વિ. |
| C | બીલ પેમેન્ટ વાઉચર ફાઈલ, સંકુલના સંચાલનને લગતી અન્ય પરચૂરણ ફાઈલ વિ. |
| D | ઈનવર્ડ–આઉટવર્ડ રજીસ્ટર, બીલ રજીસ્ટર, ખાતામાં આવતા પરિપત્ર–નોંધ–ઠરાવ, ભરણા રજીસ્ટર, સંચાલન તથા નિભાવના કામોની ટેન્ડર ફાઈલ વિ. |
| E | બુકીંગ ફોર્મ, સામાન્ય પહોંચ બુક વિ. |

**કલમઃ–૪(૧)(બી)(૭): નીતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના ધ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતો**

1. Cultural Committee

2. Standing Committee

3. General Board

**કલમ–૪(૧)(બી)(૮): સલાહના હેતુઓ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ કાઉન્સીલો, સમિતિઓ વિ.**

- Municipal Commissioner
- Deputy Municipal Commissioner
- Manager (Indoor Stadium)

